

# છઠ્ઠા અને સાતમાં દાયકના જીવનચરિત્રો

ડો.આકાંક્ષા પટેલ

ગુજરાતી જીવનચરિત્રના અભ્યાસમાં છઠા દાયકા ઉપર નજર ફેરવતા અગત્યની કહી શકાય એવી કૃતિઓ અને જીવનચરિત્રોકારો ઓછો છે. એમાં અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી નરહરિ પરીખ અને ધીરૂભાઈ ઠાકર એ ત્રણેનું પ્રદાન અગત્યનું રહ્યુ છે.

**અંબાલાલ પુરાણી** :

અંબાલાલ પુરાણી રચિત 'મણિલાલ નભૂભાઈનું જીવન ચરિત્ર' (ઇ.સ. ૧૯૫૧) મળે છે. ૨૦૭ પૃષ્ઠોમાં પંડિતયુગના સમર્થ સર્જક શ્રી મણિભાઈ નભૂભાઈ દ્વિવેદીના જીવન વિશેનો અહેવાલ મળે છે. જેમાં ચરિત્ર નાયકનાં આત્મવૃત્તાંત, નોંધો, વ્યખ્યાનોની મદદથી સમર્થ સાહિત્યકાર તરીકેની છાપ ઉપસી આવે છે.

**નરહરિ પરિખ** :

'મહાદેવભાઇ'નું પૂર્વચરિત્ર' (ઇ.સ. ૧૯૫૦) આ કૃતિમાં મહાદેવભાઇ ના જીવનવૃત્તાંત નું નરહરિ પરીખે આલેખન કર્યું છે.એમાં મહાદેવભાઇના જીવનનો પૂર્વાધ મૂકી આપ્યો છે. આ કૃતિમાં મહાદેવભાઈનું સરળ, પ્રેમાળ, ગંભીર, વિનમ્ર, વિનોદી, કર્મનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, સ્વભાવનું દર્શન તે સમયની સાંસ્કૃતિક પાશ્ચાદભૂને ઉપસાવી છે.

આ ઉપરાંત 'શ્રેયાર્થીની સાધના' (ઇ.સ.૧૯૫૩) નામની ચરિત્ર કૃતિ તેમની પાસેથી મળે છે. જેમાં કિશોરલાલ મશરૂવાળાનું જીવનકાર્ય અને ચિંતનનો સુંદર પરિચય મળે છે.

**પ્રા.ધીરુભાઈ ઠાકર :**

'મણિલાલ નભુભાઈ જીવનરંગ' પંડિત યુગનું એક શિખર ગણાવી શકાય. તેજસ્વી દ્વિવેદી મણિલાલ નભુભાઈનું જીવનચરિત્ર વિદ્વાન પ્રા.ધીરુભાઈ ઠાકરે ઇ.સ.૧૯૫૭ માં પ્રકાશિત કર્યું છે.

કાંતિલાલ શાહે 'ઠક્કરબાપા' (ઇ.સ.૧૯૫૩) માં ઠક્કરબાપાના જીવન કાર્ય આલેખ્યું છે.બે લેખકો દ્વારા આલેખાયેલી 'સામ્યયોગી વિનોબા' નામે જીવનચરિત્ર પ્રકાશિત થયું છે.

આ ઉપરાંત છઠ્ઠા દાયકાના કેટલાક ગૌણ જીવન ચરિત્રોમાં ભોગીલાલ ગાંધી રચિત્ર 'યુગ પુરુષ સ્તાલીન' (ઇ.સ.૧૯૫૩),ધનસુખલાલ મહેતા સર્જિત 'સ્વ. સર લલ્લુભાઈ શામળદાસ' (ઇ.સ.૧૯૫૬) જયભિખ્ખું રચિત 'નિગ્રંથ ભગવાન મહાવીર' (ઇ.સ.૧૯૫૬), પુરુષોતમ ગણેશ માવલકર રચિત 'પ્રોફેસર હેરલ્ડ લાસ્કી' (ઇ.સ.૧૯૫૭),ચુનીલાલ પૂ બારોટ પાસેથી 'આચાર્ય પ્રફુલચંદ રોય' (ઇ.સ.૧૯૫૬), 'બેતાજ બાદશાહ' (ઇ.સ.૧૯૫૮) અને 'બંગ કેસરી' (ઇ.સ.૧૯૬૦) એમ ત્રણ ચરિત્રો કૃતિઓ મળે છે.

આ ઉપરાંત અન્ય જીવનચરિત્રો પ્રાપ્ત થાય છે. અંબેલાલ જોશી કૃત 'શ્રી મોરારજી દેસાઇ' (ઇ.સ.૧૯૬૦), શ્રી બબાભાઈ મહેતા 'રચિત રવિશંકર મહારાજ' (ઇ.સ.૧૯૫૪), કૃષ્ણપ્રસાદભટ્ટ રચિત 'રામદેવપીર' (ઇ.સ.૧૯૫૩),ચુનીલાલ વ. શાહ રચિત 'અકબર' (ઇ.સ.૧૯૫૪), અનામ કૃત 'શ્રી રામકૃષ્ણ પરમહંસનું ચરિત્ર', શાંતિલાલ ન શાહ રચિત 'બેંજામીન ફ્રેંકલીન', બેજન નૌશીરવાન દેસાઇ રચિત 'ડો સર જીવનજી મોદી (ઇ.સ.૧૯૫૪), અંબેલાલ જોશી કૃત 'મહત્મા ગાંધી', 'જવાહર' (ઇ.સ.૧૯૫૫) અને શરાફઅલી અલીભાઇ રૂવાળા (ઇ.સ.૧૯૫૭), શ્રી કે,કા.શાસ્ત્રી રચિત 'શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી' અને 'સ્વામિ વિવેકાનંદ', રમણલાલ શાહ રચિત 'ગુલમોના મુક્તિદાતા' વિષ્ણુ દવે રચિત 'ચૈતન્ય મહાપ્રભુજી' વૈષ્ણવ આચાર્ય પુરુષોતમલાલ રચિત 'પુરુષોતમ પ્રતિભા', રામનારાયણ ચૌધરી કૃત 'બાપુ મારી નજર' (ઇ.સ.૧૯૫૯),ચંદ્દલાલ શાહ કૃત 'યશવંત રાય ચૌહાણ' (ઇ.સ.૧૯૬૦), બિપિન સોગણકર કૃત 'શહિદ વીર કિનારીવાલા', ધરમાનંદ કોસંબી મૂળ મરાઠી કૃત 'ભગવાન બુધ્ધ' ગુરુજીકૃત (મરાઠી) કૃતિનો જરૂરી કાપકૂપ કરીને કરેલો અનુવાદ

(ઇ.સ.૧૯૫૦)સ્વરાજ્યનો માર્ગદર્શક તિળક, શ્રી કાન્ત ત્રિવેદીની 'જેફરસનની જીવનકથા' (ઇ.સ.૧૯૫૯) પણ અનુદિત કૃતિ છે. મૂળ ફિલિપ રસેલની અંગ્રેજી કૃતિ છે.રમણ સોની એ મેકમિલન દ્વારા પ્રકાશિત 'હયું એન સંગ' નો ગુજરાતી અનુવાદ (ઇ.સ.૧૯૫૩) માં પ્રકાશિત કરેલો છે.

આમ આ દાયકમાં સંખ્યાની દ્રષ્ટિએ વધુ જીવનચરિત્રો લખાયેલા છે.પરંતુ ગુણવતાની રીતે ઉણપ વર્તાય છે.

**સાતમા દાયકાના જીવનચરિત્રો (ઇ.સ. ૧૯૬૧ થી ૧૯૭૦) :**

સાતમા દાયકામાં સંખ્યાની દ્રષ્ટિએ વધુ જીવન ચરિત્રો મળે છે.આવાં કેટલાક જીવનચરિત્રો આ પ્રમાણે છે.

**શ્રી રાવજીભાઇ મ.પટેલ :**

શ્રી રાવજીભાઇ પાસેથી 'હિંદના સરદાર' (ઇ.સ.૧૯૬૨) નામે ચરિત્રકૃત મળે છે. જેમાં સરદારશ્રીના જીવન અને કાર્યોનું સુંદર, સંક્ષિપ્તમાં આલેખન થયું છે. સરળભાષામાં સમગ્ર કૃતિ આલેખાઈ છે.

**ઈશ્વર પેટલીકર :**

શ્રી ઈશ્વર પેટલીકર રચિત 'વિદ્યાનગરના વિશ્વકર્મા' (i.સ.૧૯૬૪) ચરિત્રકૃતિમાં ૨૫ પ્રકરણોમાં શ્રીભાઈકાકાના જીવનનું આલેખન કર્યું છે. જેમાં લેખકે ભાઈકાકાનો જન્મ,અભ્યાસ, પ્રજાસેવા, પુણ્યપ્રકોપ, એ સર્વનું દર્શન કરાવ્યુ છે.

શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ તરફથી પ્રકાશિત 'શ્રી રામકૃષ્ણ દવે'(ઇ.સ.૧૯૬૪) ચરિત્રકૃતિમાં શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવન કાર્યનો સુંદર પરિચય મળે છે.

**મોહનભાઇ શ.પટેલ :**

આલબર્ટ સ્વાઇત્ઝર (૧૯૬૪)માં આલબર્ટ સ્વાઇત્ઝરનો જન્મ, કુટુંબ જીવન, અભ્યાસ, પ્રભાવ, લગ્નજીવન, માનવસેવા, વિશ્વયુધ્ધમાં માનવજાતિની સેવા બદલ શાંતિ નોબેલ પારિષોતિક વગેરે પ્રસંગોને ચરિત્ર લેખકે સુંદર રીતે ગૂંથયા છે.

**જુગતરામ દવે :**

શ્રી જુગતરામ દવે રચિત 'ખાદી ભક્ત ચુનીભાઈ (ઇ.સ.૧૯૬૬) ચરિત્રકૃતિમાં ત્રીસેક જેટલા પ્રકરણોમાં નવજીવન પ્રકાશન તરફથી પ્રગટ થયેલી મહત્વની ચરિત્રકૃતિ છે. લેખકચરિત્ર નાયકનાં મિત્ર હોવાથી નાયકનાં અંગત જીવનની હકીકતો પણ પ્રાપ્ત બની છે.

શ્રી રામકૃષ્ણ આશ્રમ,રાજકોટ તરફથી પ્રકાશિત 'સ્વામી વિવેકાનંદ (ઇસ.૧૯૬૨), ચરિત્રકૃતિમાં સ્વામીજીનો જન્મ, બાળપણ,ઈશ્વરશોધ, ગુરુપ્રાપ્તિ,અધ્યાત્મિક અનુભૂતિ,પરિષદમાં પ્રવચન, જેવી હકીકતોને સુંદર રીતે રજૂ કરી છે.

શ્રી કુમારપાળ દેસાઇ સર્જીત 'મહામાનવ શાસ્ત્રી' (ઇ.સ.૧૯૬૬) ચરિત્રકૃતિમાં શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીના જન્મથી માંડીને તેમનું બાળપણ, ઘડતર, અભ્યાસ, દેશનેતા, નમ્રતા, સાદાઈ, તાશ્કંદ કરાર, મૃત્યુ  વગેરે તેમની બાબતો ઉલ્લેખી છે.

શ્રી મુકુલભાઈ કલાર્થી રચિત 'જવાહરની જીવનસૌરભ, (ઇ.સ.૧૯૬૭)માં નેહરુજીના બહુરંગી વ્યક્તિત્વને ઉપસાવતા પ્રસંગો રજૂ કર્યા છે.

શ્રી અંબાલાલ નૃ. શાહ રચિત 'અજાતશત્રુ હરિલાલ પારેખ' (ઇ.સ.૧૯૬૮) ચરિત્રકૃતિમાં પ્રખર ધારાશાસ્ત્રી શ્રી હરિલાલની ઉદાર વૃતિ,ગુનેગારના તારણહાર, દાનવીર ,કટારલેખક જેવા અનેક પાસાઓ ઉપસાવ્યાં છે.

શ્રી ડાહ્યાભાઇ વ્રજલાલ પંડિત રચિત 'જમિયત દેસાઇ' (ઇ.સ.૧૯૬૮)માં ધર્મનિષ્ઠ અને લોકસેવકના જીવનકાર્યનો પરિચય મળે છે.

શ્રીમતી માલતીબેન દલાલ કૃત 'ભગિની નિવેદિતા' (ઇ.સ.૧૯૬૭) માં આયરીશ મહિલા નિવેદિતાનો જન્મ, ઘડતર વગેરે જેવી હકીકતો મળે છે.

શ્રી ઇશ્વરભાઇ પટેલ રચિત 'વીર વિઠ્ઠલભાઇ' (ઇ.સ.૧૯૬૨) માં વિઠ્ઠલભાઇનો જન્મ, વિલાયતમાં અભ્યાસ, સમાજ સુધારક વગેરે જેવા પાસાઓનો સુપેરે પરિચય થાય છે.

શ્રી ભોગીલાલ ગાંધી કૃત 'આદ્ય સુધારક મહેતાજી દુર્ગારામ' (ઇ.સ.૧૯૭૦), ચરિત્રકૃતિમાં ચરિત્રનાયકના સર્વ પ્રસંગો આલેખ્યા છે.

શ્રી મૂલજીભાઇ તલાટી રચિત 'શ્રી અંબુભાઇ પુરાણી'જીવનકથા અને સસ્મરણ' (ઇ.સ.૧૯૭૦) માં ચરિત્ર નાયક અંબુભાઈનો જન્મ,બાળપણ, શ્રી અરવિંદનો પ્રભાવ વગેરે બાબતો દર્શાવી છે.

શ્રી મુકુલભાઈ કલાર્થી રચિત 'ગુજરાતનાં શિરછત્ર સરદાર' (ઇ.સ.૧૯૭૦) ચરિત્ર કૃતિ મળે છે. જેમાં સરદારના બહુમુખી વ્યક્તિત્વને સુંદર રીતે ઉપસાવ્યું છે.

શ્રી સવાઇલાલ ઇ.પંડ્યા રચિત 'સત્યપ્રણયના ગાયક બોટાદકર' (ઇ.સ.૧૯૭૦) માં કવિ શ્રી બોટાદકરની જીવનકથા રજૂ થાય છે.

શ્રીમાળી કૃત 'સેવામૂર્તિ પરિક્ષિતલાલ' (ઇ.સ.૧૯૭૦) માં એક હરિજન સેવક પરિક્ષિતલાલ મજમુદારની નાનકડી જીવનકથા રજૂ થઈ છે.

આ ઉપરાંત અસ્મિતા લ .ભાયાણી રચિત 'કર્મ યોગી ભાઈકાકા' (ઇ.સ.૧૯૬૬), શ્રી કાલિદાસ મહાજન કૃત 'સોરઠના સંત-મહાત્માઓ' (ઇ.સ.૧૯૬૧), 'સૌરઠની વિભૂતિઓ' (ઇ.સ.૧૯૬૧) અને 'સોરઠી સંતો' જેવી કૃતિઓ મળે છે. શ્રી મદન પરિખ કૃત 'કવિવર રવિન્દ્રનાથ ટાગોર'(ઇ.સ.૧૯૬૧) ઈશ્વર પેટલીકર રચિત 'ગોમતી ઘાટ' મનુબેન ગાંધી રચિત 'બા', 'બાપુની

અંતિમ ઝાંખી' (ઇ.સ.૧૯૬૧), રચવનરાય શુક્લ કૃત 'સર્વમાન્ય લોકનેતા' (ઇ.સ.૧૯૬૧), યુસુફ માડવિદ્યાકૃત 'અલકાઇદ' (ઇ.સ.૧૯૬૧), રસિક કાપડિયા રચિત 'શ્રી હરિભદ્ર સુરી' (ઇ.સ.૧૯૬૯), અંબાલાલ જોશી કૃત 'જગઉદ્ધારક ભગવાન મહાવીર' (ઇ.સ.૧૯૬૯), રણજીત મ.પટેલ કૃત 'કવિવર ટાગોરનું જીવન કવન' (ઇ.સ.૧૯૬૪) મનુંબેન ગાંધી કૃત 'વિરાટ દર્શન' (ઇ.સ.૧૯૬૪), બંસીલાલ ગાંધી કૃત એલેકક્ઝાંડર ફ્લેમિંગ (ઇ.સ.૧૯૬૪), ઈશ્વર પટેલ કૃત 'લોકસેવક લજપતરાય' (ઇ.સ.૧૯૬૫), મધુકર શુક્લ રચિત 'લાલબહાદુર શાસ્ત્રી' (ઇ.સ.૧૯૬૫), અમૃતલાલ મો.વ્યાસ રચિત 'સરદાર વલ્લભભાઈ' (ઇ.સ.૧૯૬૬), બી.જે.કાપડિયા રચિત રામ મોહનલોહિયા (ઇ.સ.૧૯૬૬), રતિલાલ સા. નાયક સર્જિત મુનશી અભ્યાસ: 'જીવન અને સાહિત્ય' (ઇ.સ.૧૯૬૬), ભુપેન્દ્ર ઠાકોરલાલ કૃત 'આદર્શ મૂર્તિ મોરારજી' (ઇ.સ.૧૯૬૬), શ્રી કૃષ્ણકાંત ઓકડીયા કૃત 'પુરુષોત્તમ જોગીભાઈ એક અધ્યયન' (ઇ.સ.૧૯૬૭), ઉષા જોષી કૃત 'ધૂમકેતુના જીવનની ઘડતરની વાતો ભાગ ૧ થી ૧૧ (ઇ.સ.૧૯૬૭), મૃદુલા મહેતા રચિત 'દેવદૂત' (ઇ.સ.૧૯૬૮), ગુણવંતરાય આચાર્ય કૃત 'મોરારજી દેસાઇ' (ઇ.સ.૧૯૬૮)રામ નારાયણ ના. પાઠક કૃત મહાત્મા ટોલ્સ્ટોય (ઇ.સ.૧૯૬૯), જયોત્સનાબેન શુક્લ કૃત 'બે સમાજ સેવીકા' (ઇ.સ.૧૯૬૯), હર્ષિદા પંડિત કૃત 'ઇવાન પેટ્રોવિસ પાવલોસ' (ઇ.સ.૧૯૬૯), ઇશ્વરભાઇ પટેલ રચિત 'લાલબહાદુર શાસ્ત્રી' (ઇ.સ.૧૯૬૯),'વીર વિઠ્ઠલભાઈ' (ઇ.સ.૧૯૬૯), વિજયશાસ્ત્રી રચિત 'મહાકવિ દાંન્તેનું જીવન અને કવન' (ઇ.સ.૧૯૬૯), ઇન્દ્રવદન દવે રચિત 'કલાપી જીવન અને કવન' (ઇ.સ.૧૯૭૦), ઇન્દુલાલ યાજ્ઞિક રચિત, મનુભાઈ પંડિત કૃત 'આપણા જુગતરામ કાકા' (ઇ.સ.૧૯૬૯), ઇન્દુલાલ યાજ્ઞિક રચિત 'યુગપુરુષ ગાંધી' અને શ્રી ધનવંત ઓઝાએ નામાંકિત પુરુષોના 250 જીવન ચરિત્રો લખ્યા છે.

ઉપરોક્ત અભ્યાસ દરમ્યાન આપણને સાતમા દાયકાની ચરિત્રકૃતિઓમાંથી પસાર થયા બાદ કેટલીક મધ્યમ કક્ષાની ચરિત્રકૃતિ પણ જોવા મળે છે.